# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-07-2024** **Morning : 9.00 to 9.10**
**Day : Sunday** **National News**

આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*****************************************************

- કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ભાજપશાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓને અનુરોધ
- સર્વોચ્ચ અદાલત તેનાં અમૃત મહોત્સવ નિમિત્તે આજથી વિશેષ લોક અદાલત સપ્તાહનું આયોજન કરશે.
- વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે ટોક્યોમાં ક્વાડ દેશોનાં વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે
- પેરિસ ઓલિમ્પિકમાં મનુ ભાકરે મહિલાઓની 10 મીટર એરરાઇફલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યોઃ આજે આર્જેન્ટિના સામે ભારતની હોકીની મેચ
- શ્રીલંકા સામેની ટી-20 શ્રેણીની બીજી મેચમાં ભારતે સાત વિકેટે વિજય મેળવીને 2-શૂન્યથી સરસાઈ મેળવી
- આગામી પાંચ દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BJP CM MEETING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારની યોજનાઓની પહોંચ વધારવા માટે ભાજપ શાસિત રાજ્યોનાં મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓ સાથે ચર્ચા કરી હતી. મોદીએ રાજ્યોમાં સંચાલનમાં વધુ સુધારો કરવા કેટલાંક સૂચનો કર્યા હતા અને કલ્યાણ યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવા પર ભાર મૂક્યો હતો.

શ્રી મોદી ગઈકાલે નવીદિલ્હીમાં ભાજપના મુખ્યમંત્રીઓની પરિષદને સંબોધી રહ્યા હતા. બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે પી નડ્ડા અને વરિષ્ઠ નેતાઓ રાજનાથ સિંહ અને અમિત શાહે હાજરી આપી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર દ્વારા પુરસ્કૃત યોજનાઓ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવી છે અને રાજ્યોએ તેનાં અમલીકરણ દરમિયાન ચેડાં કરવાનુ ટાળવું જોઇએ.

# SUPREME COURT

સર્વોચ્ચ અદાલત તેનાં અમૃત મહોત્સવ નિમિત્તે આજથી વિશેષ લોક અદાલત સપ્તાહનું આયોજન કરશે.

આકાશવાણી સમાચાર સાથેની વિશેષ મુલાકાતમાં ન્યાયમૂર્તિ કે.વી. વિશ્વનાથને જણાવ્યું હતું કે, આ પહેલનો હેતુ સર્વોચ્ચ અદાલત સમક્ષ અનિર્ણિત કેસનો નિકાલ કરવાનો છે. તેમણે અરજદારોને લોક અદાલતનો લાભ લેવા વિનંતી કરી હતી. તેમણે આ પહેલને વિવાદોનાં સ્વૈચ્છિક અને સૌહાદભર્યા ઉકેલ માટેના મંચ તરીકે સરખાવી હતી. ન્યાયમૂર્તિ વિશ્વનાથને ઉમેર્યું કે, લોક અદાલતો ન્યાય મેળવવા માટેનું કાર્યક્ષમ અને કિફાયતી માધ્યમ છે.

# EDUCATION-NEP

શિક્ષણ મંત્રાલય આજે નવી દિલ્હીમાં માણેકશો સેન્ટર ઓડિટોરિયમ ખાતે અખિલ ભારતીય શિક્ષા સમાગમ ABSS, 2024 સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના અમલીકરણની ચોથી વર્ષગાંઠની ઉજવણી કરશે. આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાન નવી શિક્ષણ નિતીનાં અમલીકરણને આગળ વધારવાના પ્રયાસ અંગે પોતાનો અનુભવ રજૂ કરશે.

શ્રી પ્રધાન વિવિધ ભારતીય ભાષાઓ શીખવાની સુવિધા માટે સમર્પિત ટેલિવિઝન ચેનલો સહિત શિક્ષણ વિભાગની કેટલીક મહત્વપૂર્ણ પહેલોનું પણ ઉદ્ઘાટન કરશે. શ્રી પ્રધાન વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે ભારતીય જ્ઞાન પ્રણાલીને પ્રોત્સાહિત કરવાના હેતુથી અનેક પુસ્તકો અને વ્યાખ્યાન નોંધોનું પણ અનાવરણ કરશે..

# MCD COACHINGSEAL

દિલ્હી મહાનગરપાલિકાએ જૂના રાજેન્દ્રનગર વિસ્તારમાં નિયમોનો ભંગ કરનારાં 13 કોચિંગ સેન્ટરને બંધ કર્યા છે.

શનિવારે પૂરના કારણે એક આઇએએસ કોચિંગ સેન્ટરનાં ભોંયરામાં પાણી ભરાઈ જવાના કારણે ત્રણ વિદ્યાર્થીના મોત બાદ મહાનગરપાલિકાએઆ કાર્યવાહી કરી છે. મહાનગરપાલિકાની ટીમે ગઈકાલે આ વિસ્તારમાં કેટલાંક કોચિંગ સેન્ટરની તપાસ કરી હતી અને ભોંયરામાં ચાલતી સંસ્થાઓને સીલ કરી દીધી હતી.-

# TIGER-DAY.RTF

આજે આંતરરાષ્ટ્રીય વાઘ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય વાઘના કુદરતી રહેઠાણોના રક્ષણ માટે વૈશ્વિક વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનો અને વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ અને સમર્થન વધારવાનો છે. વિશ્વ વન્ય જીવન સંસ્થા મુજબ ભારતમાં વાઘની વસ્તી હાલમાં સ્થિર છે અને વધી રહી છે.

ભારતમાં વર્ષ 1973 માં પ્રોજેક્ટ ટાઈગર દ્વારા વાઘ અભયારણ્યની સ્થાપના કરવામાં આવી હતી જેનું સંચાલન રાષ્ટ્રીય વાઘ સંરક્ષણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. વિશ્વના 80 ટકાવાઘ ભારતમાં છે. ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મનકી બાત કાર્યક્રમમાં વાઘના સંરક્ષણ વિષે વાત કરી હતી.

# REV.-QUAD-MEETING.RTF

વિદેશ મંત્રી સુબ્રહ્મણમ જયશંકર આજે જાપાનના ટોક્યોમાં ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. ડૉ. જયશંકર ગઈકાલે જાપાનની બે દિવસની મુલાકાતે ટોક્યો પહોંચ્યા હતા. ક્વાડ વિદેશ મંત્રીઓની બેઠક ઓસ્ટ્રેલિયા, ભારત, જાપાન અને અમેરિકાના ટોચના રાજદ્વારીઓને એકસાથે લાવશે.

એક પત્રકાર પરિષદમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે આ બેઠક તેમના માટે ક્વાડના એજન્ડાને આગળ ધપાવવા અને અત્યાર સુધીની સિદ્ધિઓની સમીક્ષા કરવાની તક છે. ક્વાડ, આ ચાર દેશો વચ્ચેની રાજદ્વારી ભાગીદારી,ખુલ્લા, સ્થિર અને સમૃદ્ધ હિન્દ-પ્રશાંત ક્ષેત્રને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# CUET (UG)

રાષ્ટ્રીય પરિક્ષા એજન્સી-એનટીએએ કોમન યુનિવર્સિટી એન્ટરન્સ ટેસ્ટ- **CUET** યુજી 2024નાં પરિણામ જાહેર કર્યા છે. દેશભરમાં કુલ 14 લાખ 99 હજાર ઉમેદવારોએ 2024-25નાં શૈક્ષણિક સત્ર માટે 283 કેન્દ્રીય, રાજ્ય અને ભાગ લેનારી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા નોંધણી કરાવી હતી.

વિદેશમાં 26 સહિત કુલ 379 શહેરોનાં વિવિધ કેન્દ્રોમાં 15 મેથી 29 મે દરમિયાન આ પરીક્ષા યોજાઈ હતી. એનટીએનાં જણાવ્યા પ્રમાણે યુનિવર્સિટીઓને પરિણામ પહોંચાડવાની પ્રક્રિયાચાલી રહી છે અને ઉમેદવારોએ વધુ વિગતો માટે યુનિવર્સિટીઓ અને સંસ્થાઓનો સંપર્ક સાધવો.

# AMARNATH-YATRA

કાશ્મીરમાં અમરનાથ ગુફામાં પવિત્ર શિવલિંગની યાત્રા કરવા માટે આજે સવારે જમ્મુના ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી 1,832 શ્રદ્ધાળુઓનો બીજો સમૂહ કાશ્મીર ખીણ માટે રવાના થયો હતો.

યાત્રાળુઓ આજે સવારે 62 વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી રવાના થયા હતા. આ જૂથમાં એક હજાર ત્રણસો 58 પુરૂષ, 363 મહિલાઓ, 2 બાળકો, 97 સાધુ અને 12 સાધ્વીનો સમાવેશ થાય છે.

# IMD KASHMIR WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર-લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન-મુઝફ્ફરાબાદ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં છૂટાછવાયા વરસાદની આગાહી છે.

દરમિયાન સમગ્ર કાશ્મીર ખીણમાં તીવ્ર ગરમીનાં મોજાં વચ્ચે, જમ્મુ અને કાશ્મીરની ઉનાળુ રાજધાની શ્રીનગરમાં જુલાઈ મહિનાનું તેનું ત્રીજું સૌથી વધુ તાપમાન નોંધાયું છે.

હવામાન વિભાગે જણાવ્યું કે શ્રીનગરમાં ગઈ કાલે 36.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જે મોસમનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ છે. શહેરમાં 24.6 ડિગ્રી સેલ્સિયસની સિઝનની સૌથી ગરમ રાત્રિ પણ નોંધાઈ હતી, જે સામાન્ય કરતાં 5.8 ડિગ્રી સેલ્સિયસ વધારે હતી અને છેલ્લા 132 વર્ષમાં ત્રીજા ક્રમનું સૌથી વધુ તાપમાન હતું.

# CRICKET IND-SL

શ્રીલંકા સામેની ત્રણ મેચની ટી-20 શ્રેણીમાં ભારતે બીજી મેચમાં સાત વિકેટે વિજય મેળવીને 2-શૂન્યથી સરસાઈ મેળવી લીધી છે. વરસાદનાં વિઘ્ન વચ્ચે રમાયેલી મેચમાં ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ લીધી હતી. યજમાન શ્રીલંકાએ મિડલ ઓર્ડર બેટ્સમેનની નિષ્ફળતાને કારણે છેલ્લી પાંચ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને માત્ર 31 રન કર્યા હતા. 20 ઓવરની મર્યાદિત મેચમાં તેણે નવ વિકેટ ગુમાવીને 161 રન કર્યા હતા.

ભારતની બેટિંગ દરમિયાન વરસાદનું વિઘ્ન નડતાં લક્ષ્યાંક ઘટાડીને આઠ ઓવરમાં 78 રન કરવામાં આવ્યો હતો. યશસ્વી જયસ્વાલ, સૂર્યકુમાર યાદવ અને હાર્દિક પંડ્યાની શાનદાર બેટિંગને પગલે ભારતે નવ બોલ બાકી હતા ત્યારે 81 રન બનાવીને વિજય મેળવ્યો હતો. હવે મંગળવારે ત્રીજી અને અંતિમ ટી-20 મેચ રમાશે. ત્યારબાદ તેઓ કોલંબોમાં ત્રણ વન-ડે મેચ રમશે.

# WOMEN ASIA CUP

મહિલા એશિયા કપ ટી-20 ક્રિકેટની ફાઈનલમાં શ્રીલંકા સામે ભારત હારી ગયું છે. ભારતે ટોસ જીતી પ્રથમ બેટિંગ કરીને 6 વિકેટ ગુમાવી 165 રન બનાવ્યા હતા. ભારત તરફથી સૌથી વધારે 60 રન સ્મૃતિ મંધાનાએ બનાવ્યાં હતાં. જ્યારે રિચા ઘોષ 30 અને રોડ્રીગ્યૂસ 29 રન બનાવી આઉટ થયાં હતાં. 166 રનના લક્ષ્યાંકનો પીછો કરતા શ્રીલંકાની ટીમે 18.4 ઑવરમાં 2 વિકેટે 167 રન બનાવી ફાઈનલ જીતી લીધી હતી.

શ્રીલંકા તરફથી સૌથી વધારે હર્ષિથા સમરવિક્રમાએ અણનમ 69 રન બનાવ્યા હતા. જ્યારે કેપ્ટન ચમારી અથપઠ્ઠુએ 61 અને કવિષા દિલહારીએ અણનમ 30 રન બનાવ્યા હતા.

# PARIS OLYMPICS TODAY

પેરિસ ઓલિમ્પિક્સમાં આજે મહિલાઓ માટે 10 મીટર એર રાઇફલની ફાઇનલમાં મેડલ રાઉન્ડ માટે ભારતીય નિશાનેબાજ રમિતા જિન્દાલ સ્પર્ધા કરશે, જ્યારે પુરુષ વિભાગમાં અર્જુન બબુતા ભાગ લેશે. બીજી બાજુ, 10 મીટર એરપિસ્ટોલ મિક્સ્ડ ટીમ ક્વોલિફિકેશન રાઉન્ડમાં પેરિસ ઓલિમ્પિક કાંસ્ય ચંદ્રક વિજેતા મનુ ભાકર અને સરબજોત સિંહની જોડી તથા અર્જુન સિંહ ચીમા અને રિધમ સાંગવાનની જોડી ભાગ લેશે. ભારતની પુરૂષ હોકી ટીમ આર્જેન્ટિના સામે રમશે.

બેડમિન્ટનમાં પુરુષ સિંગલ્સની મેચમાં ભારતના લક્ષ્ય સેન બેલ્જિયમના જુલિયેન કારાઝ્ઝી સામે રમશે. આ મેચ પહેલાં પુરુષ ડબલ્સ ગ્રૂપમાં સાત્વિસ સાઇરાજ અને ચિરાગ શેટ્ટી ની જોડી જર્મન જોડી માર્ક લેમ્સફસ અને માર્વિન સિડેલ સામે સ્પર્ધા કરશે. આ ઉપરાંત ભારતના ખેલાડીઓ આજે તીરંદાજી, હોકી અને ટેબલ ટેનિસની મેચ પણ રમશે.

# PARIS INDIA PERFORMANCE

પેરિસ ઓલિમ્પિકનાં બીજા દિવસે ગઈ કાલે ભારતે અનેક રમતોમાં સારો દેખાવ કર્યો હતો. ભારતીય મહિલા શૂટિંગ ખેલાડી મનુ ભાકરે મહિલાઓની 10 મીટર એર રાઇફલ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે. આ સાથે, શૂટિંગમાં ભારતને ચંદ્રક અપનાવનાર તેઓ પ્રથમ મહિલા ખેલાડી બન્યાં છે. બેડમિન્ટનમાં મહિલા સિંગલ્સમાં પીવી સિંધુએ માલ્દિવ્સનાં ફાતિમાથ નાબાહા સામેસરળ વિજય મેળવ્યો હતો.

મહિલા બોક્સિંગ 50 કિલો વજન વર્ગમાં બોક્સર નિખત ઝરીને જર્મનીનાં મેક્સી કેરિનાને 5-શૂન્યથી પરાજય આપ્યો હતો. રોવિંગમાં બલરાજ પંવાર પુરુષ સિંગલ્સ ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા હતા. તો ટેબલ ટેનિસમાં શ્રીજા અકુલા 32મા રાઉન્ડ માટે ક્વોલિફાય થયા હતા. જોકે, સુમિત નાગલ ઉપરાંત રોહન બોપન્ના અને એન શ્રીરામ બાલાજી પોતાની મેચો હારતા ભારત ટેનિસમાંથી બહા રફેંકાઈ ગયું છે.-